## વડીલોને વંદન અભિનંદન

### આજે જન્મદિવસ



કાંતિલાલ પિતાંબરદાસ અમીન
(૧૯૩૮) ફોન : ૨૭૪૭૧૫૯૮



અશોકભાઈ ગણપતશંકર ભટ્ટ
(૧૯૩૮) ફોન : ૨૩૨ ૨૫૬૫૬



લીલાબેન મર્કન્ટરાય દવે
(૧૯૩૫) ફોન : ૨૩૨ ૨૫૪૦૮



રાજેન્દ્રકુમાર વનેચંદ મહેતા
(૧૯૫૦)



વિનોદચંદ્ર શીવજીભાઈ ચૌહાણ
(૧૯૫૧) ફોન : ૨૩૨ ૨૪૫૭૫

# ખાત્રજમાં કોલ્ડડ્રીંક પીધા બાદ ૧૦ દિ'થી બેભાન યુવાનનું મૃત્યુ થતાં ખળભળાટ

## ઠંડુ પીણું લીધા પછી યુવાન ભાનમાં જ નહોતો આવ્યો

કલોલ, તા. ૧૫

કલોલના ખાત્રજ ખાતે રહેતા અને મુળ પશ્ચિમ બંગાળના ૧૮ વર્ષીય યુવાને ૫મી સપ્ટેમ્બરે દુકાનેથી ઠંડા પીણાની એક બોટલ ખરીદીને પીધી હતી. ત્યાર બાદ તેની હાલત ગંભીર થઈ જતાં કલોલની ખાનગી હોસ્પિટલમાં અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. તે દિવસથી આજ દિન સુધી તે ભાનમાં આવ્યો ન હતો. દરમ્યાન ગત રાત્રીએ તેનુ સારવાર દરમ્યાન જ મૃત્યુ થઈ જતા ખળભળાટ મચી જવા પામ્યો છે. કંઈ બ્રાન્ડની કોલ્ડડ્રીંક પીવાથી આ અસર થઈ તે સહિતની તપાસ કલોલ તાલુકા પોલીસે શરૂ કરી મૃતદેહ પી.એમ. માટે મોકલી એફ.એસ.એલ.ની મદદથી તપાસ આરંભી છે.

પશ્ચિમ બંગાળનો મુળ વતની અને હાલ કલોલ તાલુકાના ખાત્રજ ગામમાં રહેતો ૧૮ વર્ષીય રહીમ અલીભાઈ શેખ ખાત્રજની ગુજરાત ટેક્ષટાઈલ્સ મીલમાં નોકરી કરતો હતો. દસ દિવસ અગાઉ ૫મી સપ્ટેમ્બરે સવારે તેણે દુકાનમાંથી ઠંડા પીણાની એક બોટલ ખરીદીને પીધી હતી. આ પીણુ પીધા બાદ તેને શરીરે બળતરા શરૂ થઈ જવા પામી હતી. પરીવારજનોને જાણ કરતા તાત્કાલિક તેને કલોલની એક ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. જો કે તેની તબીયત નાજુક જણાતા વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ રીફર કરવામાં આવ્યો હતો. રહીમે કયું કોલ્ડ ડ્રીંક પીધું તે કોઈને ખબર ન હતી પરંતુ સારવારમાં લઈ જવાઈ રહ્યો હોત ત્યારે તે બોલતો હતો. તે દિવસથી બેભાન હાલતમાં રહેલા રહીમનું ગત રાત્રીએ મૃત્યુ થઈ જતાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. કલોલના ખાત્રજમાં બનેલી આ ઘટના પહેલા પણ થોડા મહીના અગાઉ ગાંધીનગરમાં આ પ્રકારનો એક કિસ્સો બનવા પામ્યો હતો. જેથી કોલ્ડડ્રીંકની ગુણવત્તા અને જાણવણી પર પણ પ્રશ્નાર્થ ઉભો થવા પામ્યો છે. કલોલ તાલુકા પોલીસે યુવાનનો મૃતદેહ પીએમ માટે મોકલી એફએસએલની ટીમ બોલાવીને અકસ્માત મોતનો ગુનો દાખલ કરી સઘન તપાસ શરૂ કરી છે.



શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત સ્કૂલ-કૉલેજીસ દ્વારા રજત જયંતિ મહોત્સવ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. (તસવીર : દિપક જાની)

# લોક-અપમાં આરોપીએ કરેલાં ગળે ફાંસો ખાઈ આપઘાત પ્રકરણે પી.એસ.ઓ. સસ્પેન્ડ

## કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં કેબલ ચોરીનાં આરોપીએ બદનામીના ડરે ફાંસો ખાઈ લીધો હતો

કલોલ, તા.૧૫

કલોલ તાલુકા પોલીસ સ્ટેશનનાં લોકઅપમાં જ દરવાજે શર્ટ બાંધી કેબલ ચોરીમાં ઝડપાયેલાં આરોપીઓ પૈકી એક આરોપીએ લોકઅપમાં જ ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધાંની ચકચારી ઘટનામાં આજે પોલીસ સ્ટેશનમાં તે સમયે ફરજ બજાવતા પી.એસ.ઓ.ને સસ્પન્ડ કરવામાં આવ્યા હોવાનું તપાસનીસ અધિકારી ડી.વાય.એસ.પી. કે.એસ. સવાણીએ જણાવ્યું છે.

પ્રાપ્ત થતી માહિતી અનુસાર, ચાર દિવસ અગાઉ કલોલના ધમાસણા ગામે વિક્રમ પટેલના ખેતરમાં રહેતો અને મુળ બનાસકાંઠાનો વતની ૪૫ વર્ષીય સનુભા બચુભા વાઘેલા તથા અન્ય એક મળીને બે જણ કેબલચોરીના ગુનામાં કલોલ તાલુકા પોલીસનાં હાથે ઝડપાયાં હતાં.

જેમાં બંને કેબલચોરોનાં રિમાન્ડ પુરા થાય તે પહેલાં જ એટલે કે તે દિવસે એટલે કે ૧૧ સપ્ટેમ્બરની રાત્રીએ જ સનુભા વાઘેલાએ લોકઅપ રૂમમાં જ પોતાની શર્ટની બાંય દરવાજે બાંધીને ગળે ફાંસો ખાઈ લઈને આત્મહત્યા કરી લીધી હતી. તો સમયે પી.એસ.ઓ. તરીકે બળવંતસિંહ ફરજ બજાવી રહ્યા હતાં. કલોલ તાલુકા પોલીસ સ્ટેશન કલોલ સીટી પોલીસ સ્ટેશનની હદમાં આવતું હોવાથી કલોલ સીટી પોલીસ મથકે કસ્ટડીયલ ડેથ અંગે ગુનો દાખલ કરી ડી.વાય.એસ.પી. કે.એસ. સવાણીએ તપાસ શરુ કરી હતી. પ્રાથમિક તપાસ બાદ જાણવા મળ્યું હતું કે ફરજ દરમિયાન બેદરકારી હોવાનું જણાતાં જિલ્લા પોલીસ વડાએ પી.એસ.ઓ. બળવંતસિંહને સસ્પેન્ડ કરવાનો નિર્ણય લઈ સસ્પેન્સન ઓર્ડર જારી કર્યો છે.

# ચૂંટણી આવતાં ભાજપને પંચાયતી રાજ યાદ આવ્યું

અમદાવાદ, તા.૧૫

ગાંધીનગર ખાતે ભાજપ સરકારને ચૂંટણી નજીક આવતા ગ્રામ્ય સ્વરાજ્ય પંચાયતી રાજ અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ યાદ આવ્યા છે. કેન્દ્ર સરકારના પંચાયતી રાજ સશક્તિકરણ માટે આપેલા નાણાંથી આ આયોજન થઈ રહ્યાનો આક્ષેપ પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી નિશીત વ્યાસે જણાવ્યું હતુંકે, ગ્રામીણ વિસ્તારમાં પંચાયતોની આર્થિક સ્થિતિને સદ્ધર બનાવવાની વાતો કરનાર ભાજપે સત્તાના સૂત્રો સંભાળ્યા પછી ૧૫ વર્ષમાં પણ સરપંચોને અપાતા સરભરા ખર્ચની રકમમાં વધારો કરવાનો વિચાર પણ સરખો કર્યો નથી. હવે ચૂંટણીમાં પ્રજા ભાજપનો પાકો હિસાબ કરવાની છે ત્યારે ગાંધીનગરમાં બેઠેલા શાસકોને ચૂંટાયેલા પ્રતિનિધિઓ યાદ આવ્યા છે. ભાજપ સરકારે ગ્રામ સચિવાલયની વાતો કરતી સરકારની આ વાત ફાઈલોમાં ખોટવાઈ છે. ગ્રામસભા અભિયાનની વાતનો ઉલ્લેખ કરી વ્યાસે જણાવ્યું કે ૨૦ તબક્કા યોજાયેલા ગ્રામસભામાં એકત્ર થયેલા બે લાખથી વધુ પ્રશ્નો જેનો આજદિન સુધી કોઈ નિકાલ થયો નથી કે જે તે અરજદારને જવાબ આપવામાં આવ્યો નથી. રૂબર્ન પ્રોજેક્ટ ૧૨ મહિનામાં કામો પૂર્ણ કરવાની જાહેરાત કરતી સરકારે જ્યાં જ્યાં હસ્તક્ષેપ કર્યા તેના કારણે પાંચ વર્ષમાં એકપણ ગામડું આ યોજનાની પૂર્ણતાનો લાભ નથી મેળવી શક્યો. મોટાભાગના ગામોમાં આવા કામો શરૂ થયા નથી. પંચાયતના પદાધિકારીઓને તાલીમ માટે કેન્દ્ર સરકારે આપેલા નાણાં ગરીબ, આદિવાસી વિસ્તારોના ઉત્થાન માટે આપેલું વિશેષ ફંડના મુદ્દે ભાજપ સરકાર મૌન કેમ છે.

ભાજપ સરકારની કેટલી આવાસ યોજનાઓના લક્ષ્યાંક પૂર્ણ થયા તે અંગે શ્વેતપત્ર બહાર પાડે પછી કોંગ્રેસના ઘરનું ઘર યોજનાની ટીકા કરે છે. ખેતીલાયક અને ગૌચરની જમીન ગુમાવનાર નાગરિકોએ પોતાના હક્ક માટે અનેક વખત લડતો આપી પણ માલેતુજાર-મળતીયા ઉદ્યોગપતિઓને આંખે દેખનાર અને કાને સાંભળનાર ભાજપ સરકારને ગ્રામજનોની સાચી ફરિયાદ સાંભળવા માટે પાંચ મિનિટનો સમય નથી.

## પ્રજા કલ્યાણલક્ષી કામગીરી કરનાર શ્રેષ્ઠ મંત્રી, ધારાસભ્યને આજે પુરસ્કાર અપાશે

ગાંધીનગર, તા. ૧૫

સામાજિક ક્ષેત્રે રાજ્યમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર મંત્રી, સાંસદ, ધારાસભ્ય તેમજ સેવાના ક્ષેત્ર સાથે જોડાયેલા સમાજ સેવકોને શાઈનીંગ ઈન્ડિયા ઈન્ફો મીડિયા દ્વારા સમાજ સેવા બદલ શ્રેષ્ઠ એવોર્ડ એનાયત કરી સમાજ કલ્યાણ માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ સંસ્થાના ઉપક્રમે આજે રાજ્યના મંત્રી, સાંસદ, ધારાસભ્યશ્રીઓને શ્રેષ્ઠ કામગીરી બદલ સાંસદ શ્રી પુરૂષોત્તમ રૂપાલાની ઉપસ્થિતિમાં ટાઉન હોલ, ગાંધીનગર ખાતે એવોર્ડ આપીને સન્માનિત કરવામાં આવશે.

'શાઈનીંગ ઈન્ડિયા' અને 'એક મુલાકાત સર્વે' શીર્ષક હેઠળ આ સંસ્થા દ્વારા સર્વે કરી વિકાસલક્ષી કામગીરીને વિગતો મેળવવામાં આવી હતી. આ સંસ્થા દેશમાં છેલ્લા ૧૨ વર્ષથી સમાજલક્ષી કામગીરીને વિવિધ એવોર્ડ આપી બિરદાવવાની કામગીરી કરે છે.

# ધમાસણા-નારદીપુર માર્ગ પર કારની અડફેટે લ્યુના ચાલકનું મૃત્યુ

## અકસ્માત સર્જીને રાતે ચાલક કાર મુકીને ફરાર થઈ ગયો હતો

કલોલ, તા.૧૫

કલોલના ધમાસણા-નારદીપુર રોડ પરથી ગત રાત્રિએ લ્યુના લઈને પસાર થઈ રહેલા પ્રૌઢને પુરપાટ ઝડપે નીકળેલી કારે અડફેટે લઈ લેતા લ્યુના ચાલક પ્રૌઢનું બનાવસ્થળ પર જ કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. આ બનાવ અંગે કલોલ તાલુકા પોલીસે કાર ચાલક વિરુધ્ધ ગુનો દાખલ કરીને તેની શોધખોળ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ધમાસણા ખાતે રહેતા રતીલાલ મોહનલાલ વાઘેલા ગત રાત્રીએ તેમનું લ્યુના લઈને ધમાસણા-નારદીપુર રોડ પરથી નીકળ્યા હતાં. દરમિયાન આ રોડ પર સડસડાટ નીકળેલી કાર નં. જીજે ૩ બી.આર. ૩૬૦ના ચાલકે લ્યુનાને ટક્કરે લઈ લેતા લ્યુના ચાલક રતીલાલ લ્યુના સાથે ફંગોળાઈને રસ્તા પર પટકાયાં હતાં. આ અકસ્માતમાં તેમનું બનાવ સ્થળે જ પ્રાણપંખેરું ઉડી જવા પામ્યું હતું. તો બીજી તરફ કાર ચાલક કાર મુકીને ફરાર થઈ ગયો હતો. કલોલ તાલુકા પોલીસે નટવરભાઈ ધનજીભાઈ વાઘેલાની ફરીયાદને આધારે ગુનો દાખલ કરી ફરાર કાર ચાલકની શોધખોળ આરંભી છે.

## મુખ્યમંત્રી મંગળવારે રાજ્યના નિવૃત્ત સનદી, પોલીસ-વનસેવાના અધિકારીઓને સંબોધન કરશે

ગાંધીનગર, તા. ૧૫

આગામી ૧૮મી સપ્ટેમ્બરના રોજ રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી રાજ્યના નિવૃત્ત સનદી અધિકારીઓ, પોલીસ અધિકારીઓ, વનસેવાના અધિકારીઓનું અભિવાદન કરશે.

મહાત્મા મંદિર ખાતે સરપંચ મહાસંમેલન પૂર્ણ થયા બાદ આ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના શાસનકાળના ૪ હજાર દિવસ પૂર્ણ થઈ રહ્યા હોવાથી આ વિશિષ્ટ સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અભિવાદન સમારોહમાં વિવિધ સેવાઓમાંથી નિવૃત્ત થયેલા અધિકારીઓને તેઓ ટુંકુ સંબોધન કરી અને તેમને આપેલ સેવાઓને બિરદાવવામાં આવનાર છે. આ માટેની તૈયારીઓ પણ શરૂ થઈ ગઈ છે. આ માટેના નિમંત્રણો પણ અધિકારીઓને પાઠવી દેવામાં આવ્યા છે.

## શોર શરાબા હોટલના રૂમમાંથી લેપટોપની ચોરી

કલોલ, તા.૧૫

કલોલના છત્રાલ ખાતે આવેલી શોર શરાબા હોટલના રૂમ નં. ૧૦૫માં છત્રાલ જીઆઈડીસી ખાતે રહેતો સુરેન્દ્ર સત્યનારાયણ કંકરવાલ રહેતો હતો. રાત્રે દરવાજો ખુલ્લો રાખીને સુરેન્દ્ર સુઈ ગયો હતો. સવારે ઊઠીને જોયું તો રૂમમાં પડેલી લેપટોપની બેગ ગાયબ હતી. રૂ. ૧૫ હજારની કિંમતનું લેપટોપ તથા તે બેગમાં લાયસન્સ પણ હતું. સુરેન્દ્રની ફરિયાદને આધારે કલોલ તાલુકા પોલીસે ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

## કલોલમાં ભાવ વધારાના વિરોધમાં પુતળા દહન : ૩૫ કાર્યકરોની અટકાયત

કેન્દ્ર સરકાર દ્વારા ડિઝલના ભાવવધારા અને ગેસ સિલિન્ડરના વેચાણમાં મર્યાદાઓની જાહેરાત બાદ આજે કલોલમાં ભાજપના કાર્યકરોએ વિરોધ પ્રગટ કરવા રેલી કાઢીને સૂત્રોચ્ચાર કર્યા હતા. કલોલના ટાવર ચોક પાસે મોંઘવારીનો વિરોધ દર્શાવવા ભાજપના કાર્યકરોએ પુતળા દહન કરતાં કલોલ સીટી પી.આઈ. આર.જી. ભાવસારે કલોલ નગરપાલિકાના પ્રમુખ પ્રહલાદભાઈ પટેલ, જિલ્લા ભાજપ મહામંત્રી ગોવિંદભાઈ પટેલ સહિત ૩૫ જેટલા આગેવાનો-કાર્યકરોની અટકાયત કરી મુકત કર્યા હતાં.

# સ્વ. કે. સુદર્શનજીને મુખ્યમંત્રીની ભાવભરી શ્રદ્ધાંજલિ

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પૂર્વ સરસંઘચાલક શ્રી સુદર્શનજીના દુઃખદ અવસાન અંગે ઊંડા દુઃખ અને ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી છે. સ્વ. સુદર્શનજીના અવસાનથી એક શ્રેષ્ઠ માર્ગદર્શક આપણે ગુમાવ્યા છે એમ તેમણે જણાવ્યું છે.


મુખ્યમંત્રીશ્રીએ સ્વ. સુદર્શનજીને શ્રધ્ધાંજલિ પાઠવતા જણાવ્યું કે તેમની વિદાયથી માત્ર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે જ નહીં સમાજસેવાના કાર્યમાં સેવારત હજારો સ્વૈચ્છિક સંગઠનોએ છત્ર ગુમાવ્યું છે.

શ્રી સુદર્શનજીને ગૌસેવા અને ગ્રામીણ વિકાસ સહિત અનેક ક્ષેત્રોમાં પોતાના જીવનના દાયકાઓ વિતાવનારા સેવાનિષ્ઠ પુરૂષ ગણાવતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું છે કે સ્વ. સુદર્શનજીના સાદગીપૂર્ણ જીવનની કોઈ સ્પર્ધા કરી શકે તેમ નથી.

મુખ્યમંત્રીશ્રીએ સ્વ. સુદર્શનજીને તીવ્ર બુધ્ધિમત્તા તથા વ્યંગ વિનોદ પ્રકૃતિ ધરાવતા સહજ વ્યકિતત્વના સ્વામી ગણાવતાં એમ પણ જણાવ્યું કે, તેઓના દર્શાવેલા પથ પર ચાલવાની શકિત પરમાત્મા આપણને સૌને આપે તથા તેમના માર્ગદર્શક રાહને સૌ અનુસરીએ.

# મુખ્યપ્રધાનની નિશ્રામાં સાત વિવેકાનંદ યુવા પરિષદ યોજાશે

## ૧૩૦૦૦ વિવેકાનંદ યુવા કેન્દ્રોને ખેલકૂદ સાધન કીટ એનાયત : વિવેકાનંદ યુવા પરિષદ અભિયાનનો પ્રારંભ




અમદાવાદ, તા.૧૫

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વામી વિવેકાનંદજીની દોઢસોમી જયંતીના યુવાશક્તિના વર્ષ નિમિત્તે આજથી રાજ્યમાં વિવેકાનંદ યુવા પરિષદના અભિયાનનો ભાવનગરથી પ્રારંભ કરાવતા ગુજરાતના મહાનગરો અને શહેરોમાં ઉચ્ચ અભ્યાસ માટે આવનારા ૩૨,૦૦૦ યુવક-યુવતિઓ માટે ૬૨ વિવેકાનંદ સમરસ યુવા-હોસ્ટેલ બાંધવાની અને શહેરોમાં નોકરીયાત-રોજગારી ક્ષેત્રે આવતી ૧૦ હજાર બહેનો માટે વર્કીંગ વિમેન હોસ્ટેલ બનાવવાની અને દરેક જિલ્લામાં એક સ્પોર્ટસ સ્કુલ શરૂ કરવાની મહત્વની જાહેરાત કરી હતી.

ગુજરાત સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ તરફથી રાજ્યમાં સાત વિવેકાનંદ યુવા પરિષદનું મુખ્યમંત્રીશ્રીની નિશ્રામાં આયોજન કરવામાં આવ્યું છે જેનો ગૌરવપૂર્ણ પ્રારંભ આજે ભાવનગરની સંસ્કારભૂમિ ઉપરથી થયો હતો.

ગુજરાત સરકારે ગામે-ગામ અને શહેરો-નગરોમાં વિવેકાનંદ યુવા કેન્દ્રોની સ્થાપનાનું અભિયાન ઉપાડ્યું છે અને ટૂંકા સમયમાં જ ૧૩૦૦૦ કેન્દ્રો શરૂ થઈ ગયા છે. આ કેન્દ્રોમાં વિવેકાનંદજીના યુવાનોને પ્રેરક આદર્શ અનુસાર ખેલકૂદના સાધન-કીટ પ્રોત્સાહન રૂપે અપાય છે જેનું પ્રતિક વિતરણ આજે મુખ્યમંત્રીએ કર્યું હતું.

મુખ્યમંત્રીએ ગુજરાતના આર્થિક વિકાસમાં પોતાનું નિર્ણાયક યોગદાન આપી રહેલી રાજ્યની મહિલાશક્તિને શહેરોમાં રહેવા-જમવાની સુવિધા સાથે ૧૦,૦૦૦ નોકરિયાત મહિલાઓ માટે રહેણાંક ક્ષમતા ધરાવતી વર્કીંગ વિમેન હોસ્ટેલનું નેટવર્ક સ્થાપવાની પણ જાહેરાત કરી હતી.

## ન્યૂટ્રીશ્યન મિશન

● અનુસંધાન પહેલાનું ચાલુ

બાળકો માટે ન્યુટ્રીશ્યન મિશનની રચના કરી સ્વસ્થ બાળક, સ્વસ્થ ગુજરાતની દિશામાં સરકાર આગળ વધવા માંગે છે.

રાજ્ય સરકારે રાજ્યમાં આરોગ્યની સેવાઓના સઘનીકરણ માટે અનેક મહત્વના કદમો લીધા છે જેમાં મેડીકલની બેઠકોમાં વધારો, ૨૪x૭ ના આ.કેન્દ્રો બનાવવા આરોગ્યસેવાઓ માટે ઝડપી વાહન-વ્યવહારની સુવિધા સહિતના પગલાંઓનો સમાવેશ થાય છે.

રાજ્ય સરકારને શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન બાળકોમાં લોહતત્વની ઉણપ ધરાવતા હોવાના મળેલા ચોંકાવનારા તારણ પછી આ ન્યુટ્રીશ્યન મિશનની રચના કરવા બાબતે ગંભીર વિચારણા હાથ ધરી હતી અને હવે મંગળવારે આ મિશનની વિધિવત્ રચનાની ઘોષણા કરવામાં આવશે. એટલુ જ નહિ આ જ દિવસે જિલ્લાઓને મિશનની ગ્રાન્ટ પેટેના ચેકોનું વિતરણ પણ કરવામાં આવે તેવી શકયતાઓ રહેલી છે.


દત્તક વિધાન

દરેક બાળક માટે એક સ્નેહાળ ઘર

તમે માતા-પિતા બનવા તરફ માત્ર છ ડગલાં દૂર છો



- દત્તક વિધાન કરાવતી જાણીતી એજન્સીમાં આપનું નામસંભવિત દત્તક લેનાર માતા-પિતા તરીકે નોંધાવો.
- દત્તક વિધાન કરાવનાર એજન્સી આપના ઘરની મુલાકાત લઈ અભ્યાસ કરશે.
- એજન્સી આપના માટે બાળક નક્કી કરશે.
- આપની સહમતી-પ્રાપ્ત કરાશે.
- આપના વાલીપણા હેઠળ બાળકને મુકવામાં આવશે.
- દત્તક વિધાન માટે કોર્ટ ઓર્ડર કરશે.

davp 46102/13/0004/1213

દત્તક વિધાન વિશે વધુ જાણો
અમારી વેબસાઈટની મુલાકાત લો
http://www.adoptionindia.nic.in

CARA
દત્તક વિધાનની પ્રકિયા આપના માટે સરળ બનાવે છે

સેન્ટ્રલ એડોપ્શન રીસોર્સ ઓથોરિટી (ARA), મહિલા અને બાળ કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર
વેસ્ટ બ્લોક-૮, વીંગ નં-૨, બીજો માળ, આર. કે. પુરમ્, નવી દિલ્હી-૧૧૦૦૬૬ (ભારત)
ફોન નં. : ૨૬૧૮૦૧૯૪, ઈ-મેલ : cara-wcd@nic.in.in, http://adoptionindia.nic.in